→ શ્રી અનિલકુમાર શર્મા
ડેપ્યુ. રજીસ્ટ્રાર

સાબર ડેરી

# સાબરકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ.
## સાબરડેરી, હિંમતનગર

સબપોસ્ટ : બોરીયા, નેશનલ હાઈવે નં.૮, હિંમતનગર- પીન-૩૮૩ ૦૦૬

**પરિપત્ર નંબર : ૩૭** ૨૬-૦૯-૨૦૧૮

આથી તમામ દુધ ઉત્પાદક સહકારી મંડળીઓને જણાવવામાં આવે છે. કે **તા. ૦૧/૧૦/૨૦૧૮** ની સવારથી ભેંસના દુધનો ભાવ દર કિલો ફેટનો **રૂા. ૬૦૦/-** તથા ગાયના દૂધનો ભાવ સમતુલ્ય કિલો ફેટનો **રૂા. ૫૮૦=૦૦** મુજબ ગણતા **૨૬૩=૬૦** રહેશે તથા કામચલાઉ ફરીથી જણાવવામાં ન આવે ત્યાં સુધી નીચે મુજબ (પુલીંગ ભાવ) રાખવામાં આવે છે.

| દૂધનો પ્રકાર | ફેટ ટકા | એસ. એન. એફ. | સારૂ દૂધ | ખાટુ દૂધ |
|---|---|---|---|---|
| **ભેંસનું દૂધ** | ૬.૦ અને ઉપર | ૯.૦ અને ઉપર | **૬૦૦-૦૦** | **૫૬૦-૦૦** |
| | ૫.૦ અને ૫.૯ | ૯.૦ અને ઉપર | **૬૦૦-૦૦** | **૫૬૦-૦૦** |
| **ગાયનું દૂધ** | ૩.૦ અને ઉપર | ૮.૫ અને ઉપર | **૨૬૩-૬૦** | **૧૯૭-૭૦** |
| | ૨.૬ અને ૨.૯ | ૮.૦ અને ૮.૪ | **૨૪૦-૬૪** | **૧૮૦.૪૯** |

૫.૦ થી ૫.૯ ફેટ ટકા અને ૮.૫ થી ૮.૯ એસ. એન. એફ. વાળા દૂધના દર કીલો ફેટના **રૂા. ૫૭૦-૦૦** પ્રમાણે ચુકવવામાં આવશે. ઉપરોકત ધોરણ કરતા નીચા પ્રકારના હલકા તથા ખાટા દૂધના નાણાં સંઘમાં આવેલ સારા દૂધના ભાવના ૨૫% ના દરે ચૂકવવામાં આવશે.

ઉપરોકત જણાવેલ દૂધના ભાવો સંઘના કામચલાઉ ભાવો છે. જે વખતો વખત ફેરફારને પાત્ર હશે.

મંડળીઓએ મોકલેલ દૂધ સંઘમાં કોઈ કારણોસર વપરાશ માટે હાનિકારક જણાશે તો તે દૂધ સંઘમાં સ્વીકારવામાં આવશે નહીં. અને તે દૂધ મંડળીઓને અગાઉથી જાણ કર્યા સિવાય નાશ કરવામાં આવશે. આ નાશ કરવામાં આવેલ દૂધ અંગે સંઘની લેબોરેટરીનો નિર્ણય આખરી ગણાશે.

ભેંસના દૂધના એસ.એન.એફ. નું દૂધનું ધોરણ જાળવવા માટે ફેટ ૬% ઉપર તેમજ સામાન્ય ઉષ્ણતામાને એટલે કે ૮૫° ફેરનહીટ ટેમ્પરેચરે લેકટોમીટરનો આંક અને ફેટના ટકાનો સરવાળો ૩૨ અને તેથી વધુ થવો જોઈએ. જયારે ગાયના દૂધનું ધોરણ જાળવવા માટે ફેટ ૩% ઉપર તેમજ સામાન્ય ઉષ્ણતામાન એટલે કે ૮૫° ફેરનહીટ ટેમ્પરેચરે લેકટોમીટરનો આંક અને ફેટ ટકાના સ વાળો ૩૦ અને તેથી વધુ થવો જોઈએ. માટે દૂધ લેતી વખતે લેકટોમીટરનો ઉપયોગ કરવા ખાસ ભલામણ છે.

મંડળીઓને દૂધ ઉત્પાદકોને ચૂકવવા માટે ભેંસના દૂધનો અને ગાયના દૂધનો ઓટોમેટીક મીલ્ક કલેકશન મશીનોને ધ્યાનમાં લઈ ફેટ વાઈસ કોઠો તૈયાર કરી આ સાથે મોકલી આપીએ છીએ.

**આપનો વિશ્વાસુ**
**Sd/**
**(ડૉ. બાબુભાઈ એમ. પટેલ)**
મેનેજીંગ ડીરેકટર

નોંધઃ- સ્થળપ્રત ઉપર મેનેજીંગ ડીરેકટરશ્રીની સહી છે.

નકલ રવાનાઃ-

પ્રતિ,

૧. ચેરમેન / સેક્રેટરીશ્રી....................દુધ ઉત્પાદક સહકારી મંડળી લિ.,

૨. માન. કસ્ટોડીયન કમિટી પ્રમુખશ્રી,

૩. કસ્ટોડીયન કમિટીના તમામ સભ્યશ્રીઓ તરફ

૪. તમામ શીતકેન્દ્ર ઈન્ચાર્જ